જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩/૧૧/૨૦૧૪ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૦૪/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી ૧૪૧ લીટર દેશી દારૂ, ૨૩ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધાર હેઠળ ૦૨ કેસ કરી, ૦૯ આરોપીઓને ઝડપી રોકડ રૂપિયા ૫૫,૭૭૫/-, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર તેમજ જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૦૫/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૭૦૬/૧૪**

**વટવા :** સાહિસ્તાબાનુ મોહમદઇમરાન અંસારી(ઉ.વ.૧૭)(રહે.અલકુબા સોસાયટી, બેહુજી કોમ્પલેક્ષની પાછળ, કેનાલ રોડ, વટવા) ને ગેબનશા દરગાહ પાસેથી તા.૧૪/૧૦/૧૪ નાં કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી હસન અબ્બાસહુસેન લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ સાહિસ્તાબાનુની માતા તનવીરએહમદ અંસારીએ તા.૨/૧૧/૧૪ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**નારણપુરા :** આરતીબહેન રમેશનાથ મારવાડી(ઉ.વ.૧૪)(રહે.ઝુપડ પટ્ટીમાં, સરસ્વતી સ્કુલની બાજુમાં આદર્શનગર નારણપુરા) ને તા.૩૦/૧૦/૧૪ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી પ્રહલાદ રણછોડભાઇ રંગાસ્વામી (ઉ.વ.આશરે ૧૯ ) (હાલ રહે.ગામઃ સાદરી, સાતલીમડી, જી. પાલી, રાજસ્થાન) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ આરતીબહેનનાં પિતા રમેશનાથ મારવાડીએ તા.૨/૧૧/૧૪ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ભીલ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૭૦૭/૧૪**

**રામોલ :** મહેન્દ્રસિંહ ગણપતસિંહ પરમાર (રહે.સાંઇધામ સોસાયટી, ગોપી ડેરી સામે, વસ્ત્રાલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૧૧/૧૪ સાંજનાં ૭/૩૦ થી તા.૨/૧૧/૧૪ સવારનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારઘી ચલાવે છે.

**સોનાનો દોરો તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૭૦૮/૧૪**

**સરદારનગર :** રૂકમણીબહેન સુરેશભાઇ (ઉ.વ.૩૯)(રહે.રાજધાની સોસાયટી, કુબેરનગર, સરદારનગર) તા.૧/૧૧/૧૪ રાતનાં ૮/30 વાગ્યાના સુમારે પોતાની સોસાયટીના દરવાજા આગળ ઉભા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાનાં) રૂકમણીબહેનને સરનામુ પુછવાના બહાને નજીક આવી ગળામાં પહેરેલ સોનાનો દોરો કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રૂકમણીબહેને સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ઝેડ.એમ.સિંધી ચલાવે છે.

**કારમાંથી સ્પેરપાર્ટની ચોરી :-** **સમાચાર યાદી નં.૨૭૦૯/૧૪**

**વેજલપુર :** વિપુલભાઇ અમરતલાલ પ્રજાપતિ (રહે.કૃષ્ણનગર, સોસાયટી, શક્તિ ફરસાણની બાજુમાં, વેજલપુર રોડ) એ તા.૨૮/૧૦/૧૪ સાંજનાં ૬/૦૦ થી તા.૨૯/૧૦/૧૪ સાંજનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન રહેણાંક નજીક પાર્ક કરેલ પોતાની આઇ.૨૦ કાર નંબર જીજે.૧.કે.એલ.૪૮૪૯ પાર્ક કરી હતી. જે કારમાંથી કોઇ અજાણી વ્યક્તિ નોઝલ તેમજ અન્ય સ્પેરપાર્ટ કિંમત રૂપિયા ૧,૬૭,૫૩૩/- ની ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ વિપુલભાઇ પ્રજાપતિએ તા.૨/૧૧/૧૪ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.ચૌધરી ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૨૭૧૦/૧૪**

**વસ્ત્રાપુર :** રૂશીલ દેવેંદ્રભાઈ પંચાલ (રહે. અક્ષરધામ બંગલો વી-૧ સરકારી ટ્યુબવેલ બોપલ) એ તા.૧/૧૧/૧૪ રાતનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે બોડકદેવ મેરીમેંટ પાર્ટીપ્લોટની પાછળ આવેલ પાર્કીંગમાં પોતાની મારૂતી એસ્ટીમ કાર નંબર જીજે.૧.એચ.એલ.૩૪૬ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ત્રીસ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ રૂશીલ પંચાલે તા.૨/૧૧/૧૪ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એફ.ચાવડા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૭૧૧/૧૪**

**એલીસબ્રીજ :** ત્રીભોવનદાસ કાબાભાઇ ગજ્જર (ઉ.વ.૬૫)(રહે.લક્ષ્મી ફ્લેટ, વાસણા) એ તા.૨/૧૧/૧૪ નાં કલાક ૭/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે લક્કડીયાબ્રીજ નીચે નદીમાં પડી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ફતેસિંહ રૂપાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.